| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Standard Herald** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **02/07/2022** |
| **PAGE :** | **07** |


# દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર અંતર્ગત સ્પેશિયલાઈઝ્ડ ટ્રેનર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો

અમદાવાદ,:ભારતીય ઉદ્યોગમિતા વિકાસસંસ્થા (ઈડીઆઈઆઈ)એ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સમાજ સુરક્ષા નિયામક, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમના સહયોગથી ઈન્સ્ટિટ્યૂટમાં દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર (સેડા)ની સ્થાપના કરી છે. દિવ્યાંગો વચ્ચે ઉદ્યોગસાહસિકતા, રોજગારી અને આજીવિકાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે આ સેન્ટરની સ્થાપના કરાઈ છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ક્ષમતા નિર્માણ અને તાલીમ દ્વારા દિવ્યાંગોની ઉદ્યોગસાહસિકતાની પ્રતિભાઓને બહાર લાવવાનો છે, જેથી એન્ટરપ્રાઈઝ નિર્માણ, રોજગારી અને આજીવિકાના ટકાઉ વિકલ્પો સુનિશ્ચિત કરી શકાય.

આ અંતર્ગત ઈડીઆઈઆઈ કેમ્પસમાં ૨૭ જૂનથી ૦૧ જુલાઈ, ૨૦૨૨ દરમિયાન સીઈડીએ હેઠળ પાંચ દિવસીય રેસિડેન્શિયલ સ્પેશિયલાઈઝ્ડ ટ્રેનર્સ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં અમદાવાદ, ખેડા, સુરેન્દ્રનગર, દાહોદ, બોટાદ, આણંદ, મહેસાણા, વડોદરા, ભાવનગર, પોરબંદર અને કચ્છમાં કાર્યરત વિવિધ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝએશનના ૩૧ સહભાગીઓએ ભાગ લીધો હતો.

આ પ્રોગ્રામનો હેતુ ગુજરાતના દિવ્યાંગજનો માટે ઉદ્યોગસાહસિકતા અને કૌશલ્ય વિકાસ ક્ષેત્રે તાલીમ હાથ ધરવા માટે ટ્રેનર્સની કેડર તૈયાર કરવાનો છે. તેમાં દિવ્યાંગજન વચ્ચે ઉદ્યોગસાહસિકતાના ગુણો વિકસાવવા, તેમની સામેના પડકારોનો ઉકેલ, તેમના આર્થિક વિકાસ માટે સરકારની વિવિધ યોજનાઓ, સ્વ-રોજગાર માટે તાલીમ પ્રોગ્રામના આયોજન વગેરે જેવાં ઉદ્યોગસાહસિકતા સંબંધિત વિષયોને આવરી લેવાયા હતાં.